# બાયડ તાલુકા પંચાયત ભ્રષ્ટાચાર પ્રકરણમાં તપાસના આદેશ

મોડાસા, તા.૨૧

બાયડ તાલુકા પંચાયત જાણે કે એક જ કોન્ટ્રકટર પર મહેરબાન બની હોય તે છેલ્લા કેટલાય સમયથી બાયડ તાલુકા પંચાયત પર બાયડ શહેરના એક માનીતા કોન્ટ્રાકટરનો અડીંગો જામેલ છે ત્યારે પોતાની જાતને ત્રીસ મારખાં સમજતા આ કોન્ટ્રકટર ધ્વારા વિવીકાધીન યોજના અને ૧ ઉમા નાણાપંચ તેમજ એટીવીટી યોજનામાં મંજુર થયેલા કામો વર્ક ઓર્ડર મળ્યા પહેલા જ પુર્ણ કરી નાખીને કરોડો રૂપીયાનો ભ્રષ્ટ્રાચાર આચરવામાં આવ્યો હતો. ત્યારે કહેવત છે ને કે ''પાપ હોય તે છાપરે ચડીને પોકારે છે.'' તેમ આ મહાશયનો આ ભ્રષ્ટ્રાચાર જાજા દિવસ છુપો ના રહયો અને છેવટે બાયડ શહેર કોગ્રેસ પ્રમુખના નજરે આ સફેદ પોષનો શોખીન મહાશય કોન્ટ્રાકટર ધ્વારા આચરવામાં આવે ભ્રષ્ટ્રાચાર નજરે ચઢયો ત્યારે આ અંગે બાયડ શહેર કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ પટેલ ધ્વારા આ અંગે ઝીણવટ ભરી તપાસ કરવામાં આવી તો અધધધ રૂપીયા ૧ કરોડથી પણ વધુ રૂપીયાના કામો આ કોન્ટ્રકટર ધ્વારા વર્ક ઓર્ડર મળ્યા વગર પુર્ણ કરી દેવામાં આવ્યા હતા ત્યારે આ અંગે કોંગ્રેસ શહેર પ્રમુખ ધ્વારા જીલ્લા કલેકટર અને જીલ્લા વિકાસ અધિકારી તેમજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને લેખીતમાં રજુઆત કરવામાં આવી હતી.

જયારે આ ભ્રષ્ટ્રાચારને ઉજાગર કરતો અહેવાલ સૌ પ્રથમ ગાંધીનગર સમાચારમાં પ્રકાશીત કરવામાં આવ્યો હતો ત્યારે આ બાબતે અરવલ્લી જીલ્લા પંચાયતના જીલ્લા વિકાસ અધિકારી સુધીરભાઈ પટેલ, બાયડ તાલુકા વિકાસ અધિકારી એસ. જે. ચાવડા, બાયડ તાલુકામાં વર્ક ઓર્ડર મળ્યા વગર કામ કરવામાં આવ્યા છે કે નહી તે અંગેની તપાસ કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે અને તે અંગેનો રીપોર્ટ તૈયાર કરી તાકીદે પરત મોકલવા જણાવવા માં આવ્યુ છે.



સમગ્ર વિશ્વને ભારતે યોગ થકી તંદુરસ્ત જીવનની દિશા બતાવી છે. ત્યારે લંડન સ્થિત શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરષોત્તમ પ્રિયદાસજીના અધ્યક્ષતામાં યોગાસનો કરવામાં આવ્યા હતા. વિદેશોમાં અમેરિકા, આફ્રિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયાના સ્વામિનારાયણ મંદિરોમાં પણ યોગદિન ઉજવાયો હતો જેમાં હરિભક્તો જોડાયા હતા.

## મજરા નજીક અકસ્માતમાં ઈજાગ્રસ્ત આધેડનું મોત

પ્રાંતિજ, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના મજરા નેશનલ હાઈવે આઠ ચોકડી પાસે શનિવારના રોજ બપોરના સમયે પેજર ઉપર જઈ રહેલા એક આધેડને અજાણ્યા વાહન ચાલકે ટકકર મારતા તેવો નીચે પડી જતાં શરીરે નાની મોટી ઈજા થતાં તેમને અમદાવાદ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

પ્રાંતિજ તાલુકાના અનવરપુરા ગામના પટેલ દિનેશભાઈ અંબાલાલ ઉ.વ. ૫૦ કે જેવો પોતાના પેજર પર રોડની સાઈડમાં જઈ રહ્યા હતા અને તેમના વાહનને કોઈ અજાણ્યા વાહન ચાલક દ્વારા ટકકર મારતા તેવો પેજર સાથે નીચે પડી જતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને પહેલા ગાંધીનગર ખાતે લઈ જવામાં આવ્યા હતા જયાંથી વધુ સારવાર અર્થે તેમને અમદાવાદ સિવલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. તેમના મૃત્યના સમાચાર ગામમાં પ્રસરી જતા અનવરપુરામાં શોકની લાગણી છવાઈ હતી.

# રતનપુર ચેકપોસ્ટ પરથી નમકીનની આડમાં છુપાવેલ ૧૨.૪૯ લાખનો દારૂ પકડાયો

## શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી કન્ટેનરમાં નમકીન બેગની આડમાં સંતાડીને લવાતો ૧૨.૪૯ લાખનો વિદેશી દારૂ ઝડપી લીધો

શામળાજી, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ



(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

શામળાજી નજીક આવેલી આંતરરાજય સરહદ રતનપુર ચેકપોસ્ટ નજીકથી બપોરે ૩ વાગ્યાની આસપાસ ટ્રક કન્ટેનરમાં નમકીન બેગની આડમાં સંતાડીને લવાતો ૧૨.૪૯ લાખનો વિદેશી દારૂ શામળાજી પોલીસે ઝડપી પાડ્યો હતો. દારૂ ઘુસાડવા નિતનવા નુસખા અપનાવી સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. આજે સવારથી શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યુ હતુ. આજે બપોરે ૩ વાગ્યાની આસપાસ હરિયાણા તરફથી આવી રહેલા બંધ બોડીના કન્ટેનરને અટકાવી તલાશી લેતા શામળાજી પોલીસે કન્ટેનરની અંદર નમકીન (વેસ્ટ) ભરેલા પ્લાસ્ટીક થેલા દ્વારા સંતાડીને રાખેલી વિદેશી દારૂ અને બિયરની પેટીઓ ૩૬૭મળી કુલ બોટલટીન ૬૩૨૪ની કિંમત રૂ. ૧૨,૪૯,૨૦૦રૂ.નો વિદેશી દારૂ ગુજરાતમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો ઝડપી પાડ્યો હતો. તથા ટ્રક કન્ટેનર (નં. એચઆર૨૯વી-૪૦૦૧)ની કિંમત રૂ. ૧૦૦૦૦૦૦, મોબાઈલ ફોન રૂ. ૫૦૦ મળી કુલ ૨૨,૪૯,૭૦૦નો મુદ્દામાલ સાથે કન્ટેનર ચાલક જુનૈદ ઉર્ફ ખુરશીદખાન રહે. પડાસલા, અલવર, રાજસ્થાન)ને ઝડપી પાડ્યો હતો. જ્યારે ગેરકાયદેસર વિદેશી દારૂ ઘુસાડવામાં મદદગારી કરનાર દાદાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. શામળાજી પોલીસે ઝડપાયેલા આરોપી વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શામળાજી પોલીસે કન્ટેનર ચાલકને ઝડપી પાડી પ્રોહિબેશન એક્ટ હેઠળ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

ભિલોડા તાલુકાના શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી આંતર રાજય સરહદ રતનપુર ચેકપોસ્ટ પરથી આંતર રાજ્ય બુટલેગરો દ્વારા ગુજરાતમાં વિદેશી

## પ્રાંતિજની શાળામાંથી બાઈક ચોરાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા નંબર-૨માં શાળાના કંપાઉન્ડમાં પાર્ક કરેલ પલ્સર બાઈક કોઈ ચોર ઈસમ ચોરી જતાં પોલિસ ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાંતિજ તાલુકાના વાઘરોટાના કૌશિકકુમાર ઈશ્વરભાઈ પટેલ કે જેવો શિક્ષક છે અને તેવો પ્રાંતિજ ખાતે સી.આર.સી. તરીકે ફરજ બજાવે છે તેવો તા. ૨૧-૬-૨૦૧૫ને રવિવારના રોજ યોગ દિવસ હોવાથી ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ ગુજરાતી શાળા નંબર-૨માં આવ્યા હતા અને તેમણે શાળાના કંપાઉન્ડ હોલમાં પોતાનું બાઈક પલ્સર જીજે૯-એએન ૮૪૯ પાર્ક કર્યું હતું અને વિદ્યાર્થીઓ તથા શાળાના શિક્ષકો સાથે તેવો પણ યોગમાં વ્યસ્ત રહ્યા હતા ત્યારે શાળા આગળ પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી જતા તેમણે શાળાની આજુબાજુ તપાસ કરતાં કોઈ જગ્યાએથી બાઈક ન મળી આવતાં તેમણે પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપર બાઈક ચોરી થયાની ફરિયાદ કરતાં પ્રાંતિજ પોલીસે અજાણ્યા બાઈક ચોર ઈસમો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# રાજય સરકારની મીલ્કતોની સુરક્ષા માટે એસ.આર.પી.ની એક નવી બટાલીયનની રચના

ગાંધીનગર, તા.૨૧

રાજય સરકારની કેટલીક મિલ્કતોની સુરક્ષા માટે એસ.આર.પી. ગ્રુપની ૨૦મી કંપનીની રચના કરવામાં આવી છે.

રાજયમાં કુલ ૧૯ એસ.આર.પી. બટાલીયનો કાર્યરત છે. આ ૧૯ પૈકીની એક બટાલીયન કેન્દ્ર સરકારની એજન્સી એવી ઓ.એન.જી.સી.ને તથા એક બટાલીયન રાજયના સરદાર સરોવર નર્મદા નિગમને પેમેન્ટના ધરણે એમ.ઓ.યુ. કરીને પુરી પાડવામાં આવેલી છે. જયારે એક બટાલીયન મરીન ટાસ્ક માટે મંજુર કરવામાં આવેલી છે.

છેલ્લા કેટલાક સમયથી સરકારના કેટલાક વિભાગો દ્વારા તેમના ક્રીટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચરની સુરક્ષા અને સલામતિ માટે પેમેન્ટના ધોરણે સ્ટેટ રીઝર્વ પોલીસ ફોર્સ ફાળવી આપવા માટેની માંગણીઓ થતી રહી હતી.

આ માંગણીઓને ધ્યાને રાખીને રાજય સરકારે રાજયની માલ મિલકતોની સુરક્ષા અને સલામતિના હેતુસર વધુ એક એસ.આર.પી. બટાલીયન ઉભી કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયને પગલે હવે રાજયમાં રાજય અનામત પોલીસ દળ જુથ-૨૦ નવું ઉભું કરવામાં આવ્યું છે. આમ હવે રાજયમાં એસ.આર.પી.ની કુલ ૨૦ બટાલીયનો થવા પામી છે.

રાજય સરકાર દ્વારા ઉભા કરાયેલ નવી એસ.આર.પી.ગ્રુપ-૨૦નું ૧૨૦૦ જગ્યાઓનું મહેકમ મંજુર કરવામાં આવ્યું છે. આ નવી ઉભી કરાયેલી બટાલીયન તેની અંશતઃ કંપનીઓ જે વિભાગના કામકાજ માટે ફાળવવાનું મંજુર થશે તેને અનુલક્ષીને બટાલીયનનું મુખ્ય મથક હવે પછી નક્કી કરવામાં આવશે.

સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના વર્ષ ૨૦૦૫ના ઠરાવની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા ૧-૪-૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે. આ ઉપરાંત આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

# પ્રાંતિજ ટોલનાકા પાસે કાર પલ્ટી મારતા પાંચ ગંભીર

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ક્રિષ્ટલ સ્કૂલ ટોલનાકા પાસે એક વેગેનાર કાર પલ્ટી ખાતા અંદર મુસાફરી કરી રહેલ પાંચને શરીરે ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ દ્વારા પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ હિંમતનગર-ચિલોડા નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ નજીક હિંમતનગર બાજુએથી આવતી વેગેનર કાર નં. જીજે-૧૮-૩૫૩૫ ફુલઝડપે આવી રહી હતી તે સમયે પ્રાંતિજ ક્રિષ્ટલ સ્કૂલના ગેટ પાસે અને ટોલનાકા નજીક કારચાલક દ્વારા સ્ટીયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર બે-ત્રણ વાર ગુલેટી રોડ ઉપર ખાઈ જતા બાજુમાં આવેલ ડીવાઈસને અથડાઈ હતી અને પલટી ખાતા અંદર સવાર ચૌહાણ અમરાવ જવાનજીસિંહ ઉં.વ.૩૦ રહે. ચિલોડા, ગોહિલ મહેલપાલસિંહ આર. ઉં.વ.૨૮, રહે. રાધેસણ, ઠાકોર સંજયકુમાર રણજીતસિંહ ઉં.વ. ૨૫, રહે. ચિલોડા, ગોહિલ નવલસિંહ ફતેસિંહ ઉં.વ. ૩૫ રહે. રાધેસણ, લાલજીભાઈ હિંમતસિંહ ચૌહાણ ઉં.વ. ૩૦, રહે. ચિલોડા પાંચેને શરીરે વત્તાઓછી ઈજાઓ થતા તેમને ૧૦૮માં પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા.

## પ્રાંતિજની ગુજરાતી શાળા નં. ૨ માં પ્રવેશોત્સવ ઉજવાયો

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે ગુજરાતી શાળા નં. ૨માં પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે પ્રાંતિજના વેચાણવેરા અધિકારી જે.બી. ડામોર, નગરપાલિકા પ્રમુખ ગિરીશભાઈ પટેલ, તાલુકા શિક્ષણાધિકારી તુલસીભાઈ વાઘેલા, બીઆરસી કો. ઓર્ડિનેટર ભાવનાબેન મોદી ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં વયોવૃદ્ધ કાંતિલાલ માધવદાસ રાવલ તથા તિથી ભોજનના દાતા સ્મિતેશભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે સંયુક્ત રીતે જહેમત ઉઠાવી હતી.

## પરીક્ષાનું પેપર લાંબુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પેપરનું લેવલ એકંદરે યોગ્ય હતુ પરંતુ પેપર લાંબુ અને અઘરૂ રહેતા અનેક ઉમેદવારોને સમય ખુટ્યો હતો જ્યારે અનેક પ્રશ્નો છુટી ગયા હતા. સમય માત્ર એક કલાક જ રહેતા મોટી સંખ્યામાં ઉમેદવારોએ લાંબા અને તાર્કિક ચાતુર્થયના પ્રશ્નોને જોવાની તસ્દી જ ન લીધી હતી અને 'ઈ' ઓપ્શનની જ પસંદગી કરી હતી. આયોગ દ્વારા આજના પેપરમાં વિશેષ રૂપે 'વર્તમાન પ્રવાહો' વિષય પર વધારે ભાર મુકવામાં આવ્યો હતો. જેથી વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાયા હતા જ્યારે કેટલા પ્રશ્નોને ટ્વીસ્ટ કરીને પુછતા પણ ઉમેદવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. પરીક્ષાના પ્રારંભે જે ઉત્સાહ જોવા મળતો હતો તે પરીક્ષા પૂર્ણ થતાં ઉમેદવારોના ચહેરા પરથી ઉડી ગયો હતો અને ઉમેદવારોમાં રીતસરની નિરાશા જોવા મળી હતી.

## નીલગાયની અવરજવર

● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લા કેટલાક સમયથી નીલગાયની અવર જવર પ્રકૃતિ ઉદ્યાનની એકદમ નજીક આવેલા સેકટરોમાં વધી ગઈ છે. દિવસ દરમિયાન એકલ દોકલ અને રાત્રી દરમિયાન નીલગાયના ટોળાં સેકટર-૧, સેકટર-૨ અને સેકટર-૮માં જોવા મળી જાય છે. નીલગાય ગભરુ પ્રાણી છે. વાહનની અવરજવરથી તે ગભરાઈ જાય છે. 'ચ' અને 'જ' રોડ પર વાહનોની અવરજવર રાત્રી દરમિયાન પણ સારા એવા પ્રમાણમાં જોવા મળે છે. વાહનને જોઈને તે વધુ જોરથી ભાગે છે. જેના કારણે અકસ્માત સર્જાવાનો ભય રહે છે. રહેણાંક વિસ્તારમાં નીલગાયની સતત અવરજવર હીતાવહ નથી. જાળી કરીને તથા અન્ય રસ્તા અપનાવીને રહેણાંક વિસ્તારમાં તેની અવરજવરને નિયંત્રિત કરવી જોઈએ તેવી અહીંના વસાહતીઓની માંગ છે.


## સંચાલન વધ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કંડકટરની ફરજમાં ૨૦૦ કીલોમીટર ફરજિયાત કરી દેવાતા એસ ટી બસોનું સંચાલન વધવાની સાથે મુસાફરોને પણ વધુ ફાયદો થઈ રહયો છે. એસ ટી ની અગાઉ ૬૪૪ ટ્રીપો દોડતી હતી જેમાં ૧૨૬નો વધારો થતા અમદાવાદ સહિત આસપાસના વિસ્તારમાં મુસાફરોને વધુ અસરકારક બસસેવાનો લાભ મળશે.

અત્યાર સુધી ગાંધીનગર ડેપોમાં ૨૬૬૦૦ કી મી સંચાલન થતું હતુ જયારે હવે ૩૩ ૬૦૦ કીમી કુલ સંચાલન થઈ રહયું છે.બસોનું સંચાલન વધવાની સાથે ટ્રીપોની સંખ્યા વધતા અમદાવાદ ઉપરાંત હિંમતનગર સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારમાં નાગરિકોને વધુ અસરકારક બસ સેવા ઉપલબ્ધ થશે.

એસ ટી બસોમાં ડ્રાઈવર કંડકટર માટે ૨૦૦ કીમી ફરજિયાત કરી દેવાતા મુસાફરોની સાથે નિગમને પણ ફાયદો થઈ રહયો હોવાનું સ્પષ્ટ થયું છે. ડેપોની આવકમાં પણ વધારો થયો છે.આગામી દિવસોમાં એસ ટી બસ સેવાની નિયમિતતા તેમજ અસરકારકતા પણ વધશે તેવા વિશ્વાસ પણ વ્યકત થઈ રહયો છે.

## શબ્દાવલી - ૫૭૬૭




### આડી ચાવી

૧. માન, આબરુનું ભાન (૩)
૩. મદારી, ગારુડી (૨)
૬. મુસ્લિમોનો તહેવાર (૬)
૮. પંચાગ (૩)
૧૦. એક શાક, કોળું (૪)
૧૩. બેચેન, બાવરું (૬)
૧૪. ત્રાસ ફેલાવવાથી સફળતા મળે તેવો રાજકીય મત (૪)
૧૫. ડાળી, ડાળખી (૩)
૧૮. .... ધણી, કર્તાહર્તાના જેવો ભાવ (૪)
૨૦. ઘટનાક્મ, જીવનચક્ર (૪)
૨૧. કેમ, શું કામ? (૨)

### ઊભી ચાવી

૧. ખાતરી, જામીનગીરી (૩)
૨. તણખલું (૩)
૩. બેન્ડવાજા, ... પેટી (૨)
૪. ગરીબ (૩)
૫. ચરબી, શરીરની સ્થૂળતા(૨)
૭. ઇર્ષ્યા કરનાર (૩)
૯. પલકારો (૩)
૧૦. ... દેવીદેવતાઓને પહેરાવાતો રેશમી હાર (૩)
૧૧. તીરનો ભાથો એનો પર્યાય શબ્દ આડોઅવળો છે (૪)
૧૨. ભવિષ્યવાણી (૪)
૧૩. ગુજરાનનું સાધન (૪)
૧૬. જા અહીંથી (તુચ્છકારના ભાવમાં) (૨)
૧૭. પસ, પરુ સાવ પોચું (૨)
૧૯. શ્વાસ, એક રોગ (૨)

### શબ્દાવલી ૫૭૬૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) મોસમ (૩) લીપયર (૬) ધરપત (૮) બીયારણ (૧૦) નકાબ (૧૨) માટે (૧૪) સહારે (૧૫) નાતાલ (૧૭) સાખ (૨૦) કાટ (૨૨) તરફદારી (૨૫) રનવે (૨૬) ટફ

**ઊભી ચાવી :-** (૧) મોસંબી (૨) મધરટેરેસા (૩) લીપ (૪) પતન (૫) રજબ (૭) રણ (૯) યામાહા (૧૧) કાબેલ (૧૩) ભીના (૧૪) સહકાર (૧૬) તારીફ (૧૮) ખત (૧૯) શરીફ (૨૧) ટન (૨૩) રઢ (૨૪) દાટ

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રેઝન્ટેશન થવું જોઈએ. ૫. કમિટેડ ઉપરાંત બીજી પાર્ટીના મતદારોને કોંગ્રેસ તરફ ઢાળવા માટે માઈક્રો પ્લાનિંગથી સંગઠનમાં કામ થવું જોઈએ. જો આ પાંચ મુદ્દાઓનો મોવડીમંડળ અને પ્રદેશ નેતાગીરી સ્વિકાર કરશે તો કોંગ્રેસ રાજયભરમાં ઉત્તમ દેખાવ કરી શકશે...

**સચિવાલય સ્માર્ટ બન્યું, ઝડપી પણ ...**

ગુજરાત સરકારમાં મોદીનો ભય ઓસરતો જાય છે. વિભાગોમાં પહેલાની જેમ સ્ટાફને જલસા થઈ ગયા છે. જયારે ઈચ્છા થાય ત્યારે કેન્ટીનમાં જવાનું, મન થાય ત્યારે સચિવાલયના મીનાબજારમાં ખરીદી કરવાની, કોઈની સાથે લાંબો સમય સુધી ફોન પર વાત કરવાની અને હા, સોશ્યલ સાઈટ્સ ઉપર તો આઠ કલાક સુધી કામ કરતા રહેવાનું... કોઈ રોક નહીં, કોઈ ટોક નહીં...! સોશ્યલ સાઈટ્સ ઉપર સરકારે ભલે સેન્સરની કાતર ફેરવી દીધી હોય, મોબાઈલમાં પ્રાઈવેટ નેટસર્ફિંગ માટે ક્યાં મનાઈ છે. ઓફિસમાં કામ ઓછું, વોટ્સઅપ અને ફેસબુક વધારે યુઝ થાય છે. સચિવાલય આખું સ્માર્ટફોનથી ધમધમે છે. સરકારી ટ્રાન્સફર અને પ્રમોશનના ઓર્ડર પળવારમાં હજારો કર્મચારીઓ સુધી પહોંચી જાય છે. સાતમા પગાર પંચની અપડેટ્સમાં કર્મચારીઓને વધારે રસ પડે છે તેથી હાલ તો સેવન્સ પે કમિશન ખાસ ચર્ચામાં છે...

**વાય-ઓ-જી-એ, કરો યોગા, યોગા ...**

સરકારનો એક આદેશ અને તેનો અમલ કેટલો ઝડપી થાય છે તેનો એક નમૂનો વર્લ્ડ યોગા ડે ના દિવસે જોવા મળ્યો છે. ભારત ભરની તમામ સરકારી કચેરીઓમાં તમામ સ્ટાફ યોગ તરફ ફંટાઈ ગયો હતો. ખુશનુમા સવારે બધાંએ યોગા કર્યા, આસનો કર્યા અને સરકારના નિર્ણયમાં સાથ આપ્યો છે. આ એક જ દિવસ નહીં, આપણે તો રોજ યોગા ડે ઉજવવો જોઈએ, કારણ કે યોગા ડે માં આપણે યજમાન દેશ બન્યા છીએ. પહેલું સુખ તે જાતે નર્યા એ કહેવત અનુસાર રોજ રોજ યોગા કરવા માટે સરકારે બીજો એક એવો આદેશ કરવો જોઈએ કે કામના કલાકોમાં રોજ અડધો કલાક તમામ ઓફિસરો અને કર્મચારીઓએ યોગા કરવા જોઈએ. ઓફિસનો સમય ૧૦.૧૫ થી શરૂ થતો હોય તો સરકારે ૯.૪૫ કલાકે ઓફિસો ખોલવાનું કહેવું જોઈએ, કે જેથી યોગા કરી શકાય. કોઈએ કહ્યું છે કે 'યોગા એ પ્રદર્શન નહીં, સ્વદર્શન છે. ઓફિસરો કે કર્મચારીઓને તેમાં ઈન્કાર કરવાની જગ્યા નથી...

**હવે ઓટો સેક્ટરનો અભ્યાસક્રમ આવશે ...**

ગુજરાતમાં સ્કૂલ અને કોલેજોમાં અભ્યાસક્રમ ઝડપથી બદલાઈ રહ્યો છે. સરકારના જે મોટા પ્રોજેક્ટો છે તેનો ઉમેરો અભ્યાસક્રમમાં કરવામાં આવી રહ્યો છે. ખાસ કરીને સોલાર મિશનને સ્થાન આપ્યા પછી સરકાર હવે ઓટોમોબાઈલ ક્ષેત્રનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવા જઈ રહી છે. ગુજરાત ઓટોમોબાઈલનું હબ બની રહ્યું હોવાનો દાવો કરવામાં આવે છે. દેશ અને વિદેશની બ્રાન્ડેડ કારનું ઉત્પાદન હવે ગુજરાતમાં થાય છે તેથી આ સેક્ટરમાં રોજગારીની માંગને પૂરી કરવા નવી ઓટો એજયુકેશન ઈન્સ્ટીટ્યુટ્સ અને પાઠ્યક્રમ દાખલ કરવાની સરકારની ઈચ્છા છે. જો તેમ થશે તો જે ઓટો કંપનીઓએ તેમના કાર ઉત્પાદનના પ્લાન્ટ સ્થાપ્યા છે તેને અનુરૂપ તાલીમ પામેલું માનવબળ ગુજરાતમાંથી જ પ્રાપ્ત થશે, અને આ પ્રયોગ સ્થાનિક રોજગારી માટે મદદરૂપ થશે...

**વાયદો જે હજી પૂરો થઇ શક્યો નથી ...**

ગુજરાત સરકારે ૨૦૦૯માં એવી ઘોષણા કરી હતી કે ગુજરાતમાં મેડીકલ ફેકલ્ટીની એટલી કોલેજો અને બેઠકો થશે કે ગુજરાતના વિદ્યાર્થીને ડોક્ટર બનવા વિદેશ કે ગુજરાત બહાર જવું નહીં પડે. ગુજરાતમાં જ ગુજરાતના વિદ્યાર્થીને ૫૦ ટકાએ પણ મેડીકલમાં પ્રવેશ મળી જશે. આજે સ્થિતિ જૂઓ, ૫૦ ટકા તો ઠીક ૮૦ ટકા હોય તેમને પણ એડમિશન મળતું નથી. ગયા વર્ષે એમબીબીએસમાં ૮૫ ટકાને લાસ્ટરેન્કની કોલેજમાં એડમિશન મળેલું છે. ગુજરાતે છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં જાહેરાત કરી હતી કે રાજયના પ્રત્યેક જિલ્લામાં એક મેડીકલ કોલેજ હશે પરંતુ કેન્દ્રમાં એનડીએની સરકાર હોવા છતાં રાજય સરકારની દરખાસ્ત પ્રમાણે મેડીકલ કોલેજો મળતી નથી. છેલ્લે જૂનાગઢ અને હિંમતનગરમાં મેડીકલ કોલેજ શરૂ કરવા કેન્દ્રએ મંજૂરી આપી છે. હાલ રાજયમાં ૧૯ મેડીકલ કોલેજોમાં ૩૨૩૦ બેઠકો શક્ય બની છે...

**સુપ્રિમપોસ્ટ નો મતદારોને ફાયદો તો થાય ...**

ભારતના પ્રાઈમ મિનિસ્ટર અને તેઓ જેનું પ્રતિનિધિત્વ કરે છે તે લોકસભા વિસ્તાર ઉપ નજર કરીએ તો માલૂમ પડે છે કે સુપ્રિમ પદનો મતદારોને ફાયદો જરૂર થાય છે. જે તે વિસ્તાર વીવીઆઈપી બની જાય છે. નજર કરો કે આપણા અત્યાર સુધીના પ્રાઈમ મિનિસ્ટર કે જેઓ જયાંથી ચૂંટાઈ આવ્યા છે તે વિસ્તારમાં લોકજીવન કેવું છે. અમેઠીનું નામ પડતાં જ ગાંધી પરિવાર યાદ આવી જાય છે. ઈન્દિરા હોય કે રાજીવ, સોનિયા હોય કે રાહુલ જરા પણ નેગેટીવનેસ આવે એટલે આ પરિવાર અમેઠીની ચિંતા કરે છે. અત્યારે વારાણસીની ચિંતા નરેન્દ્ર મોદી કરે છે. આ વિસ્તારમાં કોઈપણ ચીજની કમી મહેસૂસ રહેવી જોઈએ નહીં. વિચાર કરો કે પ્રાઈમ મિનિસ્ટરમાં રોટેશન હોય તો, પાંચ વર્ષમાં બે લોકસભા વિસ્તારનો વિકાસ શક્ય બની શકે છે...

**કયા પ્રાઇમ મિનિસ્ટર ક્યાંના સંસદસભ્ય?! ...**

ભારતના પહેલા વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ ફુલપુરથી સાંસદ હતા. ગુલઝારીલાલ નંદા ગુજરાતની સાબરકાંઠાની બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા. લાલ બહાદુર શા સ્ત્રી અલ્હાબાદના હિરો હતા. ઈન્દિરા ગાંધી અમેઠી અને મોરારજી દેસાઈ સુરતના પ્રતિનિધિ હતા. ચરણસિંઘ બાગપત, તો રાજીવ ગાંધી અમેઠીથી ચૂંટાઈ આવ્યા હતા. વિશ્વનાથ પ્રતાપસિંહ ફતેપુરના સાંસદ હતા. ચંન્દ્રશેખર બલિયા થી અને પી.વી.નરસિંહ રાવ નંદયાલના પ્રતિનિધિ તરીકે દિલ્હીમાં સુપ્રિમ પ્રતિનિધિત્વ કરતા હતા. અટલ બિહારી વાજપેયી લખનૌ અને એચ.ડી.દેવગૌડા કર્ણાટક થી ચૂંટાઈ આવ્યા હતા. ઈન્દ્રકુમાર ગુજરાલ બિહાર અને મનમોહનસિંહ આસામથી રાજયસભાના સાંસદ તરીકે ચૂંટાઈને પ્રાઈમ મિનિસ્ટરની ખુરશીમાં બેઠા હતા. છેલ્લે ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડોદરા અને વારાણસી થી ચૂંટાઈ આવ્યા અને વડોદરા છોડી વારાણસીનું પ્રતિનિધિત્વ તેમણે પસંદ કર્યું છે. આજે વારાણસીની સુરત બદલી નાંખવા તેઓએ વિકાસના નકશા તૈયાર કર્યા છે...

**સ્થાનિક ચૂંટણી સમયે વાઘેલા સામે દાવ ...**

ગુજરાતમાં સપ્ટેમ્બરઓક્ટોબરમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી આવી રહી છે ત્યારે સેન્ટ્રલ ઈન્વેસ્ટીગેશન બ્યુરો સીબીઆઈ તરફથી એક જૂના કેસમાં દરોડા પાડીને શંકરસિંહ વાઘેલા સામે કાર્યવાહી કરવાથી ભાજપની મતબેન્ક ભરાઈ જશે તેવા ખ્યાલથી ભાજપના સિનિયર નેતાઓ મલકાય છે પરંતુ શંકરસિંહે વળતો પ્રહાર કર્યો એટલે હાલ તો સીબીઆઈની કાર્યવાહી સ્થગિત હોય તેવું લાગી રહ્યું છે. કોંગ્રેસના સિનિયર નેતા શંકરસિંહ વિધાનસભામાં વિરોધપક્ષના નેતા છે. યુપીએ૧માં તેઓ કેન્દ્રમાં ટેક્સટાઈલ મિનિસ્ટર હતા ત્યારે એનટીસીની મીલોની જમીનના વેચાણમાં ગેરરિતી થઈ હોવાના આરોપસર તેમની સામે ૧૧ વર્ષ પછી તપાસ થઈ રહી છે. ખુદ શંકરસિંહે સીબીઆઈના દરોડા દરમ્યાન કહ્યું હતું કે એનટીસીની મીલોની જમીન વેચીને ૨૦૦૦ કરોડ સંપૂર્ણ પારદર્શક પદ્ધતિથી મેળવ્યા હતા જે પૈકી ૧૮૦૦ કરોડ તો એનટીસીના દેવામાં વપરાઈ ચૂકી છે. આ જમીન એનડીએ ની સરકાર અગાઉ ૨૦૦ કરોડમાં વેચવા તૈયાર થઈ હતી, જેની સામે અમે એનટીસી માટે અનેકગણી રકમ મેળવી છે, તેમ છતાં સીબીઆઈ તપાસ કરે, અમને વાંધો નથી...

**હવે પોલીસ તંત્રમાં મોટાપાયે ફેરફારો ...**

ગુજરાતના વહીવટી તંત્રમાં ફેરફારો થયા પછી હવે પોલીસ તંત્રમાં મોટાપાયે ફેરફારો તોળાઈ રહ્યા છે. પોલીસ ઈન્સ્પેક્ટર થી ડીવાયએસપીના પ્રમોશન, સિનિયર આઈપીએસ ઓફિસરોના પ્રમોશન અને જિલ્લા પોલીસ વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારો આવી રહ્યા છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી આવી રહી છે ત્યારે પણ આ ફેરફારો અનિવાર્ય બન્યા છે...